વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૧૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જૂન - ૬, ૨૦૧૭

**સેવાની પાટે :**

# અમો ધરતીનાં રખવાળા

૨૩ મે ના 'સેવા' ઉઘડી ને...

સેવાની પાટે ૨૨ મે ના વાવાઝોડા સાથે બરફના કરા પડયા તે વિષય ઉપર ચર્ચાનો દોર ચાલુ થયો. શારદા, સવિતા, મણી, મીના, રફીકુન, સાયરા જોર જોરથી બોલતા હતા. અને તેમની આસપાસ એક ટોળું જે ધ્યાનથી વાત સાંભળતુ હતું. મેં આમાં ડોકુ નાખ્યું...

સવિતાબેન દુઃખી હતા. કહે કે, હું તો વાડજ હતી શાકભાજી વાળા બહેનોનું મારે કામ હતું. બસમાંથી ઉતરીને એ આ વાવઝોડું શરૂ થયું. ધમધમાઈને પવન ફાટયો'તો... હું બસ સ્ટેન્ડની અડાશે ઉભી રહીને જોયું તો, બસ હાલતી હતી. મીનાબહેન કહે અલ્યા, બસ ક્યાંથી હાલી ? સાયરા કહે, આંખમાં ધૂળ પડી હશે ને... એટલે બધું ય હાલતું લાગતુ હશે. અને હાસ્યનો ફુવારો ફાટયો...

સવિતાને ખોટું લાગ્યું. લે, હવે નહી બોલું. બસ ! મીનાબહેન કહે, કઇ બસ ?

શારદાબેનનો રસભંગ થયો ને ચિડાયા... બસ બંધ કરો બધા.

ચલ સવિતા, તું તારે આગળ બોલને...

સવિતાબેને સાડી સરખી કરી મહત્વની માહિતી આપી કે, ધડાધડ બરફના કરા પડવાના શરૂ થયા. મોટ્ટા હોં... વાગે તેવાં. સાયરાબેને કાળજીથી કહયું તને નથી વાગ્યાને ? ના... મારે તો આડાશ હતી. પણ મને સવાલ થાય છે કે, આ ભર ઉનાળે બરફનાં કરા કેમ પડે? નવી લાઈન મણીબેન વિચારતા બોલ્યાં, આ તે સાચો પ્રશ્ન કર્યો. રફીકુનબેન થોડા ઉંમરવાળા, અનુભવી. કહે કે, ક્યા કહે ? યે સબ દુનિયામેં ઉથલ-પુથલ ચલ રહી હૈ ના ઈસલીયે... ! કારણ યે હૈ કી, હમ હમારી કુદરત કા ધ્યાન નહી રખ રહે હૈ !

જશોદાબેન શાંતિથી સાંભળતા હતાં. વાતને પચાવતાં હતાં. તે કહે કે, યે સહી બાત બતાયી રફીકુનબેનને...

ડાંગ જિલ્લાના રાજવીબેન ઈન્ટરશીપ માટે સેવામાં આવેલા. અભ્યાસુ ક્લાઈમેન્ટચેન્જ ગમતો વિષય... તેમણે ઝુકાવ્યું...

કહે કે... આ કરા છે ને, ઉનાળામાં જ પડે અને એ પણ એવા સમયે કે જયારે ચોમાસું બેસવાની તૈયારી હોય. ઉપરનાં આકાશમાં વાદળાં હોય. વાદળાં ભેજ/પાણીનાં હોયને ? હવે જયારે, જમીન ખૂબ તપેલી હોય ત્યારે તોફાની હવા/પવન ચાલે ત્યારે તે હવા ઉપર ચડે અને વાદળને ઘસડીને ઉપર લઇ જાય. ત્યાં ઉષ્ણતામાન નીચું હોય અને તેથી વાદળાંનો ભેજ/

પાણીનું બરફમાં પરિવર્તિત થાય. તે ભારે બને અને ગ્રેવીટીના લીધે નીચે પડે ત્યારે જોરથી પડે. જે વાગે. ઉપર આકાશમાં આ પ્રક્રિયામાં તે કરુ મોટું હોય પણ તે નીચે આવતાં સુધીમાં તેનું કદ નાનું બની જાય તે ખબર છે ?

મેં ક્યાંક વાંચ્યું હતું કે દુનિયામાં મોટામાં મોટા કરા એક સંતરાના માપના હતા !

આપણું હવામાન બદલાતું જાય છે. પહેલાં, હવામાન પર જે પરિબળો કામ કરતા હતાં તે કુદરતી હતાં. હવે માનવસર્જીત છે. શહેરીકરણના લીધે વૃક્ષો ઓછા થતાં ગયા છે. આ વૃક્ષો વાતાવરણના અનિચ્છનીય ગેસ ગળે અને આપણને બચાવે છે. શહેરોમાં તો ડામરની સડકો વધતી જાય છે. ઝાડ ઉગાડયા હોય ત્યાં ખાંમણું ય રહેવા દેતા નથી! આપણે પૃથ્વીના સંદર્ભમાં જોઇએ તો, માઇક્રો ક્લાઇમેટ બદલાય છે. કાચનાં મકાનો, વાહનો, જમીન તો જોવા જ ના મળે! આપણે જ આવા બદલાવ માટે જવાબદાર છીએ. એક આંકડા પ્રમાણે વૈશ્વિક ઉષ્ણતામાન વધી રહયું છે. ૦.૭ ડીગ્રી સેલ્સેયસ. જો ૩-૪ ડીગ્રી હજુ વધશે તો બહુ મોટા ફેરફારો આવશે. જે વિસ્તારમાં જે વૃક્ષો ઉગે છે તે ત્યાં નહી ઉગે!

બધાં ચૂપ... સમજીને વાત ગળે ઉતારતાં હતાં.

ધનીબેન કહે; તે રાજવીબેન, તમે તો ડાંગમાં રહો છો. તે ત્યાં તો ગાઢ જંગલો ને ? રાજવીબેન દુઃખી થઇ ગયાં... શું વાત કરું ધનીબેન... ત્યાંય હવે બહુ બદલાવ આવ્યાં છે. મારી મા કહેતી અને હું બહુ નાનકડી હતી ત્યારે ડાંગના જંગલમાં સસલાં જોવા મળતા હતાં. હવે તો, સસલાં ય જોવા નથી મળતાં...!

રફીકુનબહેને પાણીનો ગ્લાસ રાજવીબહેનને ધર્યો. પાણીનો ઘુંટડો લઇ પાછા રાજવીબહેન મૂળ વાત પર આવ્યાં. ખબર છે, આ કરા પર કાંદાના પડ કેવા હોય છે ? તેવાં પડ બાઝે અને તેમ તેમ મોટા થાય... ને બંધાય.

શારદાબહેન, રફીકુબહેન કહે; મૂળ વાત તો એ જ છે કે, આપણે સહુ સ્વાર્થી થઇ ગયા છીએ. આપણી કુદરતનું આપણે જ ધ્યાન નથી આપતાં તો, આપણાં બાળકો શું શીખશે ?

બધાંના ડોકા ધૂણ્યાં...

આ તો આપણી ફરજ છે જ. આપણે હવા, પાણી, અગ્નિ, જમીન... કુદરતી તત્વો જોડે છેડ-છાડ ના કરવી જોઇએ... આપણે જ કુદરતના રખવાળા બનીશું. અને ધરતીમા ને સાચવીશું. આ વાત આપણાં બાળકોને કહીશું અને જે કોઇ આવી રમત કુદરત સાથે રમશે તેને અટકાવીશું જ.

રફીકુનબહેન કહે હમ સબ સેનાપતિ. કુદરત કે રખવાલે.

પ્રાર્થનાની ઘંટડી વાગી ને બધાં એક પ્રણ સાથે દોડયા... પ્રાર્થના કરવા..

**-મનાલી**

❑

# નાણાંની સમજદારી

કપીલાબેનનું કુલ ૭ વ્યક્તિનું કુટુંબ ઝુપડામાં રહે, પોતે બાંધકામ મજૂરી કરે, તેમના પતિ મગનભાઇ પણ તેમની સાથે જ બાંધકામ મજૂરી કરે. સાસુ સસરાની ઉંમર થઇ એટલે ઘરે બેઠા થોડું ઘણું કામ કરે. સાસુ સિલાઇકામ કરે અને એક દીકરો કપડાની ફેક્ટરીમાં મજૂરી કરે છે.

આમ જુઓ તો રોજેરોજ ઘરમાં આવક થાય- લગભગ રૂ.૩૦૦ થી ૪૦૦ રોજની આવક પણ આ આવક નિયમિત નહી. કોઇ દિવસ મજુરીના પણ મળે. જો કંઇ નાની સરખી બીમારી આવે અને કામ ના પણ કરી શકે તો આવક ના આવે.....વળી બાંધકામ મજૂરી જોખમી પણ ખરી, અકસ્માતનો સતત ડર રહયા કરે.

વળી ઘરમાં આકસ્મિક ખર્ચા પણ ખૂબ આવે. કોઇ દિવસ મહેમાન આવી જાય તો કોઇ વખત માંદા પડે તો દવાનો ખર્ચ આવી જાય- તહેવાર અને સામાજિક પ્રસંગમાં પણ પૈસા જોઇએ. કપિલાબેનને જ્યારે નાની નાની જરૂર પડે ત્યારે પાડોશી પાસેથી પૈસા લાવે પણ મોટી જરૂર, જેવી કે ઘરમાં સામાજિક પ્રસંગ આવે કે મોટી બીમારી આવે ત્યારે શાહુકાર પાસેથી મોટા વ્યાજે ઉધાર પૈસા લઇ આવે. આમને આમ આખું જીવન મજૂરી-ખર્ચ દેવામાં ચાલી જાય-લગભગ રોજ કમાય અને રોજ ખાય-એમ જીવન પૂરું થઇ જાય.

''સેવા બેંક'' દ્વારા ગુજરાતના શહેરી તથા ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦૦ શ્રમજીવી કુટુંબોની ''આર્થિક વર્તણુક'' (આર્થિક આદતો) ''Financial Behaviour'' –એટલે કે તેમની ખર્ચ કરવાની રીત-બચત –દેવું અને રોકાણ કરવાની રીતને સમજવાનો પ્રયત્ન કર્યો. આ અભ્યાસમાંથી નીચેના મુદ્દાઓ સામાન્ય રીતે બહાર આવ્યા. (પૈસના વ્યવહારની આદતો)

(૧) રોજ કમાવું, રોજ ખાવું –કાલનો કે ભવિષ્યનો વિચાર નહિ કરવો. ભવિષ્યમાં આવનાર આર્થિક જરૂરતો માટે વિચારવું નહિં.

(૨) જ્યારે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે તાત્કાલિક નિર્ણય લઇ-જેની પાસેથી પૈસા મળે જે શરતે પૈસા મળે તે લાવવા. આ પૈસા કેવી રીતે પરત કરીશું-શું શરતોએ પૈસા મળ્યા તે વિચારવું નહિ. સામાન્ય રીતે શાહુકાર ખૂબ જ વધારે વ્યાજે લે છે.૧૦૦ રૂા. ઉપર દર મહિને ૫ રૂા. અથવા ૧૦ રૂા. વ્યાજે (જેવી જેની જરૂરિયાત). આમ પણ વ્યાજ મૂડીમાંથી જ કાપી લે દા.ત. ૧૦૦૦ રૂ. ઉધાર લીધા હોય તો ૧૦૦ રૂ. વ્યાજના

કાપીને ૯૦૦ રૂ. જ ઉધાર આપે.

(They make impulsive Borrowing Decision)

(૩) આખા જીવનકાળ દરમ્યાન પૈસાની કોઇ પણ પ્રકારની જરૂરિયાત સંતોષવા ''ઋણ'' - ''ઉધાર'' લેવાનો જ રસ્તો લે-એટલે કે બીમારી આવે તો પણ પૈસા ઉધાર લાવે, દીકરા-દીકરીને ભણાવવા પણ ઉધાર લે છે અને તેમના લગ્ન માટે પણ ઉધાર લાવે-સાધન ખરીદવા માટે પણ ઉધાર લાવે.

પરિણામે તેમને ઘડપણમાં પણ મજૂરી કરવી પડે- ખાસ મૂડી કે મિલકત ભેગી થતી નથી અને આર્થિક સલામતી કોઇ દિવસ મળતી નથી-બીજી પેઢીને પણ ''દેવું'' વારસામાં મળે છે અને આમને આમ ગરીબીનું વિષચક્ર ચાલ્યા કરે છે.

પૈસા કમાવવામાં -ખર્ચવામાં અને વધારે જરૂર પડે ત્યારે દેવું કરવામાં જ તેમનું જીવન પૂરું થઇ જાય છે. ખાસ કરીને જિંદગીભર જ્યારે આટલી બધી મજૂરી કરે છે તો પણ !

આ કુટુંબોને જરૂર છે તેમના પૈસા અને તેની જરૂરિયાતોનું આયોજન કરવાની- પૈસાના આયોજનની સમજ આપવા માટેના કાર્યને ''Financial Literacy'' પૈસાની (નાણાં)ની સમજદારી કહેવામાં આવે છે...

આજથી દસ વર્ષ પહેલાં અમદાવાદની શ્રી મહિલા સેવા સહકારી બેંક લીમિટેડ (સેવા બેંક) દ્વારા Financial Literacy'' (આર્થિક સમજ)નો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

જીવનમાં આયોજનનું મહત્વ સમજાવવા માટે સહેલાઇથી સમજાય તેવી પધ્ધતિ વાપરવી પડે છે... જેમ કે, બાળકોની વાર્તા ''કીડી તથા તીતીઘોડા''ની વાર્તા. જો કીડી કાલનું વિચારે તો આપણે કેમ ના વિચારીએ ? અથવા તો બે બહેનપણીઓ-પણ એક ''આયોજન'' કરે બીજી ના કરે અને લાંબાગાળે બંનેના જીવન સાવ જુદા થઇ જાય. આ વાર્તાની ફિલ્મ બતાવીએ તો તેમના મગજમાં એકદમ સમજાઇ જાય.

દરેક બહેન પાસે તેમના જીવનચક્રમાં પૈસાની ક્યાં ક્યાં જરૂર પડશે તે ચિત્ર દોરી તેમને પોતાના ભવિષ્યની જરૂરિયાતો માટે ''સભાનતા'' લાવીએ. -એક વખત કાલનું વિચારવાનું શરૂ કરે પછી આ જીવનચક્રની જરૂરિયાત માટે આયોજનના ત્રણ રસ્તા સમજાવવામાં આવે.

**(૧) બચતઃ** જરૂરિયાતો માટે થોડી ઘણી બચત થઇ શકે- બચતનું મહત્વ... ટૂંકા ગાળાની જરૂરિયાત માટે —ટૂંકાગાળાની બચત કરે. દા.ત. તહેવાર દર વર્ષે આવે તેના માટે દર મહિને અમુક રૂપિયા બાજુ પર મુકો. બેંકમાં એક વર્ષનું રીકરીંગ ખાતું પણ ખોલાવી શકે. મધ્યમ મુદતની જરૂરિયાત માટે મધ્યમ મુદતની બચત યોજનામાં જોડાય. દા.ત. બાળકોના ઉચ્ચશિક્ષણ માટે લાંબા ગાળાની યોજના દા.ત. દીકરા- દીકરીના લગ્ન એ પછી ઘડપણની જરૂરિયાત.

ખાસ તો બચત એ એક રોકાણ છે તેના ઉપર વ્યાજ અને વ્યાજ ઉપર વ્યાજ મળી શકે છે. તે સમજ આપી તેમને બચત કરવા માટે ઉત્સાહિત કરવામાં આવે છે.

બીજું કે નાની રકમ (રોજના રૂા.૫ કે રૂા.૧૦ની બચત) નિયમિત લાંબા સમય માટે મુકીએ તો તે વ્યાજ સાથે મોટી રકમ થાય છે. તેની સમજ ખૂબ ઉપયોગી થાય છે.

**(૨) ધિરાણઃ** (દેવું કરવું) ધિરાણ લેવું ખરાબ નથી જો તેનો ઉપયોગ બરાબર થાય. એટલે કે આ રકમ વ્યવસાયમાં વપરાય દા.ત. શાકભાજી વેચનાર ધિરાણ લઇ વધારે મૂડીથી શાકભાજીનો ધંધો કરે. આવક વધારે અથવા તો ધંધાના સાધનો ખરીદી ધંધાનો વિકાસ કરે. દા.ત. સિલાઇકામ કરવા માટે સિલાઇ મશીન ખરીદે. પરંતુ જો ધિરાણ લઇ લગ્નનો ખર્ચ અથવા બીજા કોઇ સામાજિક પ્રસંગ પાછળ ખર્ચે તો તે યોગ્ય નથી.

ધિરાણ લેતા પહેલાં વિચારોઃ

(અ) આ પૈસા હું શેના માટે વાપરીશ ? આ વપરાશથી શું મારી ''આવક'' અથવા ''મિલકત'' વધશે?

(બ) ધિરાણ લીધેલી રકમ શું મારી આવકમાંથી પરત કરી શકીશ ?

(ક) આ ધિરાણ ઉપર વ્યાજ કેટલું આપવું પડશે ?

(ડ) આ વ્યાજની ગણતરી કેવી રીતે થશે?

સામાન્ય રીતે વ્યજની ગણતરી શાહુકાર દ્વારા સીધી લીટી પદ્ધતિથી જ થાય છે. (Fat rate) જ્યારે બેંકમાંથી ધિરાણ લેવાય તો વ્યાજની ગણતરી ઘટતી જતી બાકી (Reducing Balance) ની પદ્ધતિથી થાય છે.

**(૩) વિમોઃ** કરેલી બચત વધેલી આવક વસાવેલી મિલ્કત બધુ જ વપરાય જાય છે. જ્યારે ઘરમાં બિમારી આવી અકસ્માત થાય મરણ થાય અથવા તો કુદરતી આફત આવે.

આ માટે ભવિષ્યમાં આવનાર મુસીબતોને શકયતા વિચારી આવી મુસીબતો ના પણ આવે. અગાઉથી જ તેની સામે વિમો લેવો જેનાથી મુસીબતમાં આર્થિક વળતર મળે. બચત અને મિલ્કત સલામત રહે. દેવું પણ ના કરવું પડે.

આમ જીવનચક્રમાં આવતી દરેક આર્થિક જરૂરિયાત-બચત-ધિરાણ તથા વિમો સેવાઓથી પૂરી કરી શકાય છે અને આ રીતે ''ગરીબીના વિષચક્રમાંથી બહાર આવી પોતાની મૂડી અને મિલકત વધારી શકે છે અને આર્થિક રીતે સ્વાવલંબીત બની શકે છે.

આવતા અંકે દરેક વિષય ઉપર વિગતે માહિતી આપીશું.

**- જયશ્રી વ્યાસ**

❑

# ખેડૂત ભૂખ્યો કેમ ?

ખેડૂત ભૂખ્યો કેમ ? આ પ્રશ્નને વાચા આપી ‘સેવા'ની ખેતી ઝુંબેશે ‘સેવા'ના બે લાખ જેટલા ખેડૂત બહેનોને ધપાવી રહયાં છે. અને તે દેશભરમાં અને દુનિયાભરમાં દાખલા રૂપ બન્યા. રૂડી સાધન ઓજારની લાયબ્રેરી, ખેતીશાળા, વાયદા બજારને તેનાથી પણ આગળ તે ડીજીટલ ખેતીશાળા. દક્ષિણ એશિયાના પડોશી દેશો જેવા કે નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશમાં પણ સેવાની ખેતીઝૂબેંશને સમજીને અપનાવી રહયાં છે.

તાજેતરમાં આફ્રિકા ખંડના ૪૪ દેશોની ‘આળિકન ડેવલોપમેન્ટ બેન્ક' કે જેના સભાપતિ ભારત છે. ભારતના આમંત્રણથી આફ્રિકા ડેવલોપમેન્ટ બેન્કની પ૨મી વાર્ષિક સભા ગુજરાતના આંગણે મહાત્મા મંદિરમાં યોજાઇ. આ સભાની મુખ્ય વિષય હતો, આફ્રિકામાં ખેતી દ્વારા આવક ઉભી કરવાની.

આળિકન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા સેવાની ખેતીઝૂબેંશ અને હરિયાળીના કામને જોતાં, શ્રમજીવી બહેનો નો ખેતી ઉર્જા અને રોજગારનો કેવો સીધો સંબંધ છે તે માટેની ગોષ્ટીની ચર્ચામાં આમંત્રણ મળ્યું. આ ગોષ્ટી ૨૨ મે ૨૦૧૭ના રોજ યોજાઇ ગઇ. જેમાં, આળિકન ડેવલપમેન્ટ બેંકના ઉપ પ્રમુખ, ઘાનાના કૃષિમંત્રી ઉર્જા દ્વારા ખેતીના વિકાસનું કામ સંભાળતાં આ બેંકના ડાયરેક્ટર આઇ.એફ.પી.આર.આઇ.ના વડા , ગુજરાત રાજ્યના મુખ્ય કૃષિ સચિવ, કૃષિ નિયામક, ‘સેવા'ના ખેતી ઝુંબેશના આગેવાન, ખેતીશાળાના નિપુણ તાલીમાર્થીઓ એ અરસ-પરસ અનુભવોનું આદાન પ્રદાન કર્યુ. સેવાના ખેતી અને ઊર્જાના અનુભવો આફ્રિકામાં ઘણા જ ઉપયોગી થઇ રહેશે. તેમની વ્યૂહરચનાના પેપરમાં આ અનુભવોને ખાસ ઉમેરવા ઉપર ભાર આપ્યો. આ ઉપરાંત ‘સેવા' અને આળિકન ડેવલોપમેન્ટ બેંક નીચેના ક્ષેત્રોમાં ચોક્કસ કામ કરવા તત્પરતા બતાવી.

- શ્રમજીવી બહેનોને સૌર ઉર્જા સરળતાથી મળી રહે અને તેના થકી તેમનો શક્તિ વિકાસ થાય.
- શ્રમજીવી બહેનોની સ્થાનિય જૈવ પતિસ્થિતિ આધારિત ખેતીમાં ભૂમિકા વધે અને શક્તિ વિકાસ થાય.
- સાથે સાથે શ્રમજીવી બહેનોને અન્ય રોજગારીની તકો ઉભી થાય. જેમ કે, હસ્તકળા, ફૂડ પ્રોસેસિંગ વગેરે.

ત્યારબાદ સેવાને ખેતીના સત્રમાં રજૂઆત કરવા આમંત્રણ હતું. જેમાં સેવાએ પોતાનો અનુભવ જણાવતાં કહયું કે, આફ્રિકા હોય કે ભારત પણ ખેડૂત અનાજ ઉગાડે અને અન્ય ને ખવડાવે ને પોષે છે. પણ, ખેડૂત તો હજુ ભૂખ્યો જ છે. તેથી સેવાનો ઝોક છે કે, આપણી કામગીરીથી ગામનો પૈસો ગામમાં જ ફરે... ખેડૂતને પોતાને અને પોતાના પરિવારને પોષણક્ષમ આહાર મળી રહે. આ વ્યવસ્થા વિસ્તારતી જાય જેનાથી સમગ્ર સમાજને પણ પોષણયુક્ત આહાર મળે. આ માટે સેવામાં આપણે રૂડી, ખેતીશાળા, સાધન ઓજારની લાયબ્રેરી અને ફૂડ પ્રોસેસિંગ વિકસાવ્યું છે. ઉપરાંત, ભારતમાંથી સેવાની મિટિંગમાં ચર્ચા થયા અનુસાર સભ્ય બહેનો અને આફ્રિકાની ખેડૂત બહેનો ભાગીદારી કરી ખેડૂત બહેનોનું એસોસિએશન ઉભું કરે જે નીચેની મુખ્ય કામગીરી કરે.

- વારંવાર પડતા દુષ્કાળની વિપરીત અસર સામે સલામતી તથા જોખમોનું અલગ-અલગ કૃષિ લક્ષી વાતાવરણ આલેખન કરવું તે દરમ્યાન પહાડી વિસ્તારને આવરી લઇને.
- કઇ રીતે ખેતરમાં પુનઃ પ્રાપ્ત થાય તેવી ઉર્જાનો ઉપયોગ કરી ખેતીની આવક અને સાથે- સાથે એગ્રોને બૂટ પ્રોસેસિંગ પણ કરવું.
- ખેતીના વિકાસ માટે હરિયાળું ધીરાણ ઉભું કરવું.

આફ્રિકન ડેવલોપમેન્ટ બેંકના પ્રમુખ તથા ઉપ પ્રમુખ શ્રી ચાર્લ્સ ઓ એ જણાવ્યું કે, અમારે ‘રૂડી'ને આફ્રિકામાં લઇ જ જવી છે.

સેવાના અનુભવ ના આધારે ‘બહેનો માટેની આજીવિકાનું ફંડ પોતે ઉભું કરશે, જેના વડે ખેતીને એક ઉદ્યોગ તરીકે વિકસાવી, મહિલા ખેતી લક્ષી ઉદ્યોગ સાહસિક ઉભા કરવા ઉપર ભાર આપશો.

સેવાની કારીગર બહેનોની કંપની સેવા ઉન્નત બજાર ને ફેશનોમીક ઇન આફ્રિકાના સત્રમાં પોતાનો અનુભવ રજૂ કર્યો. સેવા ઉન્નત બજાર બોર્ડના સભ્ય પુરીબેને જણાવ્યું કે, મોટી મોટી કંપનીની વાત થઇ રહી છે. પણ, અમારા જેવી કારીગર બહેનોની કંપની જેના માલિકને મેનેજર અમે છીએ. અમારી પોતાની બ્રાન્ડ ‘હંસીબા' છે.

ત્યારબાદ આળિકન ડેવલોપમેન્ટ બેંકના પ્રદૂષણ મુક્ત રસોઇના ડાયરેક્ટર અને તેમની ટીમના ત્રણ પ્રતિનિધિ હરિયાળીના ચૂલાનો અનુભવ પ્રત્યક્ષ જોવા માનપુરા ગામ આવ્યા.

તો આફ્રિકા હાર્વેસ્ટના નિયામક વનલક્ષ્મી મંડળી તથા રૂડીની કામગીરી જોવા આવ્યા. અહીના રહેવાસીઓ છે તેમને આગેવાની કઇ બદલાવ લાવવો પડશે. અને જંગલની પેદાશોનો પણ ખ્યાલ રાખવો પડશે.

❑

# સેવાની બેંક ગાથા

રહીમાબેનનો જન્મ ૧૯૬૪ માં કચ્છમાં થયો હતો. પિયરમાં ત્રણ ભાઇઓ અને ત્રણ બહેનો હતાં. તેમાં રહીમાબહેન નો ત્રીજો નંબર પિતાજી ખેતરમાં ઘાસ વાઢવા તથા ચોળા વાઢવાની મજુરી કામ કરતાં.

રહીમાબેન ૪ વર્ષના હતા ત્યારે તેમના પિતાજી કચ્છથી અમદાવાદ આવી સુએજફાર્મ પાસે પીરાણા રહેતા ત્યારે તેમને ખાવાના પણ ફાંફા હતાં.

તેમના પિતા અહીયા રંગાટીમાં ચોકી પહેરો (સિક્યોરીટી)માં કામ કરતાં. ત્યારે મહિને રૂા. ૨૦૦/- માંડ મળતાં હતા. આવી પરિસ્થિતિમાં રહીમાબેન ૬ વર્ષના ને તેમનો ભાઇ ૮ વર્ષનો બંને ભાઇ બેન સુએઝફાર્મમાં ફૂલના બગીચામાં ફૂલ વિણવાનું કામ કરવા જતાં. આખો દિવસ ફૂલ વિણે ત્યારે ૮૦ પૈસા માંડ મળતા. બીજા ૨ ભાઇ ને ૧ બેનને પિતાજીના ભાઇબંધની ઓળખાણથી મ્યુનિસિપાલીટીમાં નોકરી મળી ગઇ એટલે ઘરામાં થોડોક ફરક પડયો અને કાયમી આવક ચાલુ થઇ.

૧૯૮૦માં રહીમાબેન નાં લગ્ન ૧૫ વર્ષની ઉંમરે તેમના સગા ફોઇનાં દીકરા સાથે થયા. લગ્ન થયા ત્યારે ઘરમાં ૨ નણંદ ૧ દિયર અને સસરા હતાં. લગ્ન ત્યારે પતિ કેલીકો મીલમાં ને સસરા મ્યુનિસિપાલીટીમાં નોકરી કરતાં હતાં.

રહીમાબેન નદીના પટમાં રહેતા હતાં ત્યારે હનીફાબેનની ઓળખાણથી સેવાબેંકમાં જોડાયા ને બચત કરતા થયા.

૧૯૮૪માં બેને રૂા.૨૦,૦૦૦ ભરીને કેરોસીનનો ધંધો ચાલુ કર્યો પરંતુ તેમા ફાવટ ના આવી તેથી તે ધંધો બંધ કર્યો અને પૈસ પણ ગુમાવ્યા. ત્યારબાદ તરત જ ઘરની બાજુમાં ભાડાની દુકાન લીધી ભાડુ રૂા.૬૦/- તેમાં કરીયાણની દુકાન ચાલુ કરી. શરૂઆતમાં દુકાન સારી ચાલી પણ પછી ઉધારી ચાલુ કરી તેમાં તે દુકાન પણ બંધ કરવી પડી.

સૌ પ્રથમ સેવા બેંકમાંથી રૂા. ૫૦૦૦/- ની લોન લઇને તેમાંથી પેસ્ટકંટ્રોલ(ઉધઇની દવાનું) મશીન લીધું. તેનાથી ઓર્ડર મુજબ ઘરે જઇને કામ કરતાં.

ફરી બીજી લોન લઇ બીજુ મશીન પેસ્ટકંટ્રોલનું લીધું. આમ તેમણે ત્રણ મશીન વસાવ્યાં.

રહીમાબેન હીગની ડબ્બીનું પેકિંગ કરવા જતા હતાં. તેમાં રૂા. ૧૨૦૦/- જેવું કમાતા હતાં.

ત્યારબાદ તેઓ એ રૂમાલનું કામ શરૂ કર્યુ. બેંકમાંથી લોન લઇને મશીન લીધું. તેઓ રૂમાલના આખા તાકા લાવે તેમાથી કટીગ કરીને ડીઝાઇન પ્રમાણે છૂટા પાડીને ૧૨ નંગના સેટ તૈયાર કરી પેકિંગ કરી વેપારીને આપે. આ મશીનમાં જેન્ટસ રૂમાલ કરતા. ત્યારબાદ ૨૦૦૮માં લેડિઝ રૂમાલ માટેનું મશીન લીધું. તેમા રૂમાલ કટવર્ક અને એબ્રોડરી પણ કરતાં. હાલમાં બે મશીન પર કામ ચાલે છે. આ કામમાં એક દીકરો- દીકરી અને રહીમાબેન રૂમાલનું કામ કરે છે અને તેમના પતિ અને એક દીકરો પેસ્ટ કંટ્રોલનું કામ કરે છે. તેમના પતિ સાથે ૯ થી ૧૨ નોકરી અને ધંધો પણ કરે છે. રહીમાબેન બચત નિયમિત કરે છે તેઓ પેન્શન યોજનામાં જોડાયેલા છે. તેમને થાય છે કે હું ૧૮ વર્ષની હોત ત્યારથી બચત કરતી હોત તો ૫૮ વર્ષે કેટલા બધા રૂપિયા મળત અને ઘડપણ સારું થાત એટલે મારા ઘરના બધાંને આ ખાતામાં જોડીશ અને બચત કરતા શીખવીશ. જરૂર પડે લોન લે છે નિયમિત ભરે છે સેવાબેંકથી ખૂબ જ સારું લાગે છે. જરૂર પડે બચત બેંકમાંથી કામ થઇ જાય છે તેમ જણાવે છે.

**- વંદના**

❑

**સેવા ઉત્તરાખંડનો પત્ર**

# પહાડોમાં પાણીની અછત...?

ઉત્તરાખંડ...

જ્યાં ભાગીરથી અને અલકનંદા જેવી નદીઓ વહે ત્યાં પાણીની અછત ?

માન્યમાં ના આવે ને ?

પણ હકીકતમાં જોઈએ તો, ઉત્તરાખંડમાં આ શિયાળા પૂરતી હિમવર્ષા જ ના થઈ. સામાન્ય રીતે, હિમવર્ષા થાય અને તે બરફ ઉનાળામાં પીગળે. તે પાણીનો સ્રોત બની રહે, જે



# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિમિટેડની ૪૩મી સ્થાપના દિવસ નિમિત્તે આકર્ષક ભેટ યોજના તા. ૨૦-૫-૨૦૧૭ થી શરૂ કરવામાં આવે છે આ યોજનાનો લાભ મેળવવા આપણી નજીકની સેવા બેન્કની શાખામાં સંપર્ક કરો.

## આપનું બેંક ખાતું
## હવે સુરક્ષાનો આધાર

### પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

વાર્ષિક પ્રીમિયમ ફક્ત ૧૨ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો દુર્ઘટના વીમો

સર્વ બચત બેંક ખાતાધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ છે.

### પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

વાર્ષિક પ્રીમિયમ ફક્ત ૩૩૦ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો જીવન વીમો

સર્વ બચત બેંક ખાતાધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ છે.

વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સમાવિષ્ટ

કુદરતી રીતે મૃત્યુ થાય ત્યારે આપના વારસદારને આ વીમાની રકમ મળશે

**વીમા મુદત, વાર્ષિક : ૧ જૂન - ૩૧ મે**

- પ્રીમિયમની રકમ ખાતાધારકના બચત ખાતાથી બેંક દ્વારા 'ઓટો ડેબિટ' સુવિધાના માધ્યમથી.
- કોઈ પણ વ્યક્તિ ફક્ત એક બચત ખાતા દ્વારા જ આ યોજના માટે પાત્ર બનશે.

**તત્કાલ આપની નજીકની શ્રી મહિલા સેવા સહકારી બેંક શાખા કે બેંક સાથીનો સંપર્ક કરો અને ફોર્મ ભરીને આ યોજનાનો લાભ લો.**

ચાલુ વ્યાજ દરે ૫૦૦૦ રૂ. ની ફિક્સ મૂકો બંને વીમાનું પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મેળવો.

ભાગીરથી અને અલકનંદામાં ભળે. પણ આ નાળામાં આ નદીઓમાં પાણીનો પ્રવાહ ૫૦ ટકા ઓછો થઈ ગયો ! આ પાણીનો ઉપયોગ કરીને ઉત્તરાખંડ રાજ્ય નાળામાં વધારે જલવિદ્યુત ઉત્પન્ન કરે પણ, સમય એ આવ્યો કે, ઉત્તરાખંડ બીજા રાજ્યો પાસેથી વીજળી ખરીદવી પડી ! સાથે જ, આ પહાડ પર વસનારાઓને પાણીની અછતનો સામનો કરવો પડ્યો.

સેવા ઉત્તરાખંડના સંગઠનના અલમોડા જીલ્લાની વાત કરું તો, મોટાભાગે અહીં નાના અને સીમાંત ખેડૂતો સાથે કામ કરીએ છીએ. જે બહેનો મોસમ-મોસમનો પાક તેમજ શાકભાજી ઉગાડવાનું કામ કરે છે, પાણીની અછતે તેમની ખેતીને અસર કરી કારણ સિંચાઈનો અભાવ રહ્યો આ વર્ષે...

*પાણીની અછત અમને એટલા દુઃખી કરી દીધા છે કે શું કહું ? પાણીની અછતે અમારી ખેતી બરબાદ કરી દીધી. પીવાના પાણીની અછત છે. હવે તો, વરસાદ પણ પહેલા જેટલો નથી થતો. અહીં તો પહેલા ઘનઘોર જંગલ હતાં હવે તમે જુઓ આ મેદાન બની ગયું છે. સબ કુછ ખતમ હો ગયા... ઈસ પહાડો મેં સિર્ફ ઈન્સાન કા આના જાના મુશ્કિલ હોતા હૈ, ફિર ઈસ સ્થિતિ મેં હમ મહિલાયે પાણી કે ઘડા સર પે રખકે ઉપર કી ચઢાઈ ચઢતી હૈ ઔર કઈ બાર તો ડર ભી લગતા હૈ કી ગલતી સે પૈર ફિસલ ગયા તો પતા નહીં ક્યાં હોગા ?*

**- મંજુ ખુલબે**

આ વાત કક્રીઘટ ક્ષેત્રની છે જે બીજા ક્ષેત્રોની સરખામણીમાં ઘણું જ પછાત છે. અહીંના બહેનો કહે કે, સડક અને પાણી જીવન જીવવાની આ બે મૂળભૂત સુવિધાઓ અમને જોઈએ જે નથી મળતો અમારે તો કલાકો પાણી માટે લાઇનમાં ઊભા રહેવું પડે છે અને ઘણી વખત તો માઈલો સુધી પગપાળા ચાલવું પડે ત્યારે પાણી મળે છે...

ઉત્તરાખંડમાં જે પ્રાકૃતિક પાણીના સ્રોતો છે તે છે પહાડો પરથી પડતી પાણીની ધારો જે એકદમ શુદ્ધ અને પીવા યોગ્ય હોય છે અહીંના રહેવાસીઓ માટે આ પાણીની ધારો - એ માત્ર પાણીના સ્રોત જ નથી પણ, અહીં વસતા સમુદાયોની તેની સાથે 'આસ્થા' જોડાયેલી હોય છે. આવા પાણીની ધારો પાસે એક મંદિર બનાવવાની પરંપરા છે અને મોટા પાંદડાવાળું ઝાડ ઉગાડવાનું ચલણ છે. પણ, આજની આધુનિકતાના રંગોમાં ıજના જમાનાના લોકો પોતાની પરંપરા ભૂલતા ગયા છે અને પોતે જ પોતાના માટે મુસાબતો નો પહાડ/ઘોર ખોદી રહ્યા છે. જેમ કે, કક્રીઘટ ક્ષેત્રના સુરીગામમાં એક આવું વહેતી પાણીની ધાર છે જ્યાં બીજા ગામના લોકોએ સંડાસ બનાવી દીધો ! આ શુદ્ધ પાણીની વહેતી ધાર દુષિત થઈ ગઈ. ગામનું એકમાત્ર વહેતી પાણીની ધાર દુષિત થવાને લીધે તેનું પાણી પીવા યોગ્ય ના રહ્યું અને સુરી ગામમાં પીવાના પાણીની સમસ્યા ઊભી થઈ ! હવે આ ગામની બહેનો ૩-૪ કિલોમીટર ચાલે છે... પીવાના પાણી માટે ત્યારે, તેમનું ઘર ચાલે છે.

આ તકલીફથી 'સેવા' ઉત્તરાખંડે ઉત્તરાખંડ જલ સંસ્થાનને આવેદન પત્ર આપ્યું અને જણાવ્યું કે, કક્રી ઘટના ૨૦૦થી વધારે કુટુંબો માટે હેન્ડપંપ લગાવવા જોઈએ. અહીંની શ્રમજીવી બહેનો પાણીના પ્રશ્નો સંગઠિત થઈને પોતાની લડત લડતી રહી છે...

પહાડી જીલ્લાઓના મોટાભાગના શહેરો પહાડની ટોચ ઉપર વસેલા છે અને પાણીની અછતની અસર તેમના ઉપર વધારે પડે છે. અલમોડા અને પીથૌરાગઢ જેવા શહેરો આ સાબિત કરે છે. અલમોડા પાણી માટે કોસી નદી ઉપર નિર્ભર છે જ્યારે પીથોરાગઢ સરયુ નદી પર નિર્ભર છે. આ બંને નદીઓ વરસાદ પર નિર્ભર છે ઉનાળામાં આ નદીનો પ્રવાહ ઓછો થઈ જાય એ એટલે શહેરોમાં જલ સંકટ ઊભું થાય છે. ઉનાળામાં આવા પાણીની ધારાઓ પાસે શહેરની બહેનો પાણી ભરવા જાય છે જેમાંથી હજુ પણ પીવાનું શુદ્ધ પાણી મળે છ.પણ, આવી ઊંચાઈ પર મળનિકાલની યોજનાઓનો યોગ્ય રીતે અમલ ન થવાને કારણે કે પછી સ્વચ્છતાના અભાવે કે પચી ઊંચાઈ ઉપર સોકપીટ બનાવવાને લીધે ઢોળાવો પરની પાણીની શુદ્ધ ધારો પ્રદુષિત થઈ ગઈ છે. જેની અસર ગ્રામીણ શ્રમિકો પર થાય છે. અહીં એ પગલાં લેવાવા જોઈએ કે, પહાડની ઊંચાઓ પર વસનારાઓએ એ વરસાદી પાણીનો સંગ્રહ કરવો તે ફરજીયાત કરવામાં આવે તો પરિસ્થિતિ સુધરી શકે.

ઉત્તરાખંડમાં પાણીની સમસ્યા નિવારણ માટે શું જરૂરી છે ?

આ વિષે જ્યારે બહેનોને પૂછવામાં આવ્યું કે, ઉત્તરાખંડમાં પાણીની સમસ્યાનું નિવારણ લાવી શકાય કે કેમ? ત્યારે બહેનોએ ખૂબ જ કોઠાસૂઝથી વાત કરી અને કહ્યું કે, આપણે પરંપરાગત જળ અટકાવ માળખા અને જળવહેણ ક્ષેત્રને ફરીથી ઉપયોગી બનાવવા જોઈએ. સરકાર હાલની પરિસ્થિતિમાં જે કરી રહી છે તે તેમની જગ્યાએ ઠીક છે પરંતુ આપી પણ આપણા રાજ્ય પ્રત્યેની કંઈક ફરજો છે. તેના ભાગરૂપે આપણી ફરજ બને છે કે, આપણે આપણા ક્ષેત્રની પરંપરાને જીવંત રાખીએ, આ શુદ્ધ પાણીની ધારો નથી આપણી સંસ્કૃતિ છે. આપણે તેને ફરી જીવંત બનાવવી પડશે. અને તેની સંભાળ રાખવી પડશે. આવા કોઈ માળખા અને પાણીના વહેણ ક્ષેત્રને ફરી ઉપયોગી બનાવવામાં આશરે ૫૦,૦૦૦ રૂપિયાથી ઓછો જ ખર્ચ થાય ! આવા માળખા ઓછામાં ઓછા ૨૫ થી ૫૦ કકુટુંબોની આખા વર્ષની પાણની પુરવઠો નિશ્ચિત કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, પાણી નિયમિત પુરવઠાવાળા સ્રોત પર ૫૦૦ રૂપિયા દરેક વ્યક્તિદીઠ વધારે રોકાણ કરે તો આપણી જરૂરિયાત સંતોષાય.

બહેનોએ બીજું પણ કહ્યું કે, વરસાદી પાણીના સંગ્રહનું કામ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.
Ahmedabad P.S.O.
6-6-2017

સ્થાનિક લોકો દ્વારા સેવાની ભાવનાથી થવું જોઈએ. લોકોને આગેવાની લેતા કરતા સંગઠનો આ દિશામાં પગલું માંડી શરૂઆત કરી શકે છે. ઘણા વ્યક્તિઓ, સમુદાયો અને સંગઠનોને ઉત્તરાખંડમાં નિયમિત આધાર પર વરસાદી જળ સંગ્રહના ક્ષેત્રમાં ઉદાહરણ રૂપ કામો કર્યા છે. જંગલોની સુરક્ષા માત્ર જંગલ વિભાગો દ્વારા જ નથી થતી. આમા સામુદાયિક ભાગીદારી ખૂબ જરૂરી છે પરંતુ જંગલ સુરક્ષાનું પરિણામ એવું પણ આવે છે કે, સ્થાનિક લોકોને સરળતાથી મળી શકે એવા બળતણ અને ઘાસચારાથી દુર રહી જાય છે. તેમજ જંગલમાં થઈ ને જતા સીધા રસ્તાને બદલે તેમને લાંબા ગોળાકાર રસ્તાઓથી આવવું-જવું પડે છે. પહાડી ગામોમાં જંગલ સુરક્ષાને એવી રીતે જોવું જોઈએ કે, જ્યાં સ્થાનિક સમુદાયને સાંકળવા જોઈએ અને તેઓ જે સંતુલનની સેવા આપી રહ્યા છે, તે માટે તેમને આ સેવાના બદલે વળતર મળવું જોઈએ જંગલોને તો કાર્બનનું કચરા ઘર કહેવાય છે.

**- અનોહિતા**

❑

## સેવા સમાચાર

૩૦ મે ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય સંગઠનોની જોઈન્ટ એકશન કમિટીની એક મિટીંગ, સરકાર પાસે માંગતા ૧૨ મુદ્દાની માંગને આગળ લઈ જવા માટે 'ગાંધી પીસ ફાઉન્ડેશન'માં દેશનાં જુદા જુદા ફેડરેશનો જેવા કે કોલસા, પાવર, રેલ્વેઝ, ઇન્સ્યોરન્સ, બેંકિંગ વગેરે જોડે યોજાઇ ગઇ. જેમાં સેવામાંથી મનાલીબહેને ભાગ લીધો. આ જ દિવસે 'બ્રીક્સ'ની મિટીંગ રાષ્ટ્રીય સંગઠનો કરવાનાં હતાં જે ના થઈ. ❑

**અનસૂયા**

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-6-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧